**ફોજદારી કેસ નંબર :- 27277 / 2022**

**<u>આંક-૧ અન્વયે હુકમ :-</u>**

ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસીસ ઓથોરીટીના પત્ર નં.GSLSA Letter No.3491/2021, Dated : 22/12/2021 and Letter No. 97/2022, Dated 12/01/2022 તથા ના.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીના NOTIFICATION No.02 OF 2022, Dated : 05/03/2022 મુજબ આજરોજ સ્પેશ્યલ મેજીસ્ટ્રીયલ સીટીંગનું આયોજન કરવામાં આવેલ છે.

**(૧)** સાંભળ્યા, કેસનું રેકર્ડ ધ્યાને લેતાં, સી.આર.પી.સી.કલમ-૧૫૪ મુજબ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ફર્સ્ટ ઈન્ફોરમેશન રીપોર્ટ (એફ.આઈ.આર.) ના અનુસંધાનમાં તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આ કામના આરોપી વિરૂધ્ધ પોલીસ કમીશ્નરશ્રી, અમદાવાદ ધ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરનામાના ભંગ બદલ આઈ.પી.સી.ની કલમ-૧૮૮ તથા જી.પી.એકટની કલમ-૧૩૧ મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજુ કરેલ છે.

**(૨)** સી.આર.પી.સી.કલમ-૧૯૫ મુજબ આઈ.પી.સી.ની કલમ ૧૭૨ થી ૧૮૮ (બંને કલમો સહિત) ના ગુન્હા અંગેનું કોગ્નીઝન્સ ત્યારેજ લઈ શકાય કે જયારે સંલગ્ન જાહેર સેવક ધ્વારા અથવા આવા જાહેર સેવક જેના વહીવટી નિયંત્રણ હેઠળ હોઈ એવા(એટલેકે, આવા જાહેર સેવકના ઉપલા અધિકારી) ની **<u>લેખિત ફરિયાદ વગર લઈ શકાય નહી</u>** એવી કાયદાકીય મેન્ડેટરી જોગવાઈ રહેલ છે.

**(૩)** નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા જયવંતસિંહ ફલજીભાઈ વિરૂધ્ધ ગુજરાત રાજયના કેસમાં તારીખ-૦૯/૧૨/૨૦૦૩ ના ચુકાદામાં <u>''આઈ.પી.સી.ની કલમ-૧૮૮ કોગ્નીઝેબલ હોવાનું નામદાર અદાલતે અવલોકન કરેલ છે.''</u>

- કોગ્નીઝેબલ ગુન્હો એટલેકે જેમાં પોલીસ વોરંટ વગર આરોપીની ધરપકડ કરી શકે તપાસ કરી શકે તેવો ગુન્હો પરંતુ સી.આર.પી.સી.ની કલમ-૧૯૫ માં આ સામાન્ય જોગવાઈમાં કલમ-૧૯૫ થી <u>સામાન્ય બાધ</u> (અપવાદ) કરવામાં આવેલ છે. તેમાં એવી સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલી છે કે, આઈ.પી.સી.ની કલમ-૧૭૨ થી ૧૮૮ (બંને કલમો સહિત) ના ગુન્હા અંગેનું કોગ્નીઝન્સ ત્યારેજ લઈ શકાય કે જયારે સંલગ્ન જાહેર સેવક ધ્વારા અથવા આવા જાહેર સેવક જેના વહીવટી નિયંત્રણ હેઠળ હોઈ એવા(એટલેકે, આવા જાહેર સેવકના ઉપલા અધિકારી) ની **<u>લેખિત ફરિયાદ વગર લઈ શકાય નહી.</u>** આમ એકમાત્ર કોગ્નીઝેબલ ગુનો બનતો હોય અને પોલીસને તપાસની સત્તા રહેલી હોય એટલા માત્રથી સી.આર.પી.સી.ની કલમ-૧૯૫ ની ફરજીયાત જોગવાઈનો બાધ નડે નહી તેવું માની શકાય નહી.

**(૪)** <u>નામદાર સુપ્રિમકોર્ટ,</u>.....(૧) એમ.એસ.અહલ્લાવત વિરૂધ્ધ હરીયાણા એ.આઈ.આર.૨૦૦૦(સુ.કો.)પેજ નં.૧૬૮, (૨) દોલતરામ વિરૂધ્ધ પંજાબ રાજય એ.આઈ.આર.૧૯૬૨(સુ.કો.)પેજ નં.૧૨૦૬, (૩) બબીતાલીલા વિરૂધ્ધ યુનિયન ઓફ ઈન્ડીયા એસ.એલ.પી.(ક્રિમીનલ) ૧૪૭૪/૨૦૧૨, (૪) મુનીઅપ્ન અને બીજા વિરૂધ્ધ તામીલનાડુ રાજય ક્રિમીનલ અપીલ નં.૧૨૭ થી ૧૩૦/૨૦૦૮ તેમજ <u>નામદાર ગુજરાત હાઈકોર્ટે</u>.....(૧) બેચરવાલા વિરૂધ્ધ ગુજરાત રાજય ક્રિમીનલ મીસીનીયસ અપીલ નં.૫૦૯/૨૦૦૧, (૨) કાનજીભાઈ બબલદાસ પટેલ વિરૂધ્ધ ગુજરાત રાજય ક્રિમીનલ મીસીનીયસ અપીલ નં.૩૪૮/૧૯૯૫, (૩) અરૂણધતી ભટ્ટાચાર્ય વિરૂધ્ધ ગુજરાત રાજય ક્રિમીનલ મીસીનીયસ અપીલ નં.૧૭૨૮૬/૨૦૧૭, (૪) ગોવર્ધનકુમાર ઠાકોરદાસ અસરાની વિરૂધ્ધ ગુજરાત રાજય ૨૦૧૮(૧) જી.એલ.એચ.પેજ નં.૬૩ ના કેસ લોમાં એવું હેલ્ડ કરવામાં આવેલ છે કે , The provisions of Section 195 Cr.P.C. are mendatory and Non-compliance of it would vitiate the prosecution and all other consequential orders. The Court can not assume the cognizance of the case without such complaint. In the absence of such a complaint, the trial and conviction will be void abinitio being without jurisdiction.નામદાર મહારાષ્ટ્ર હાઈકોર્ટની ડિવીઝન બેન્ચે હલ્લાશેવ વિરૂધ્ધ મહારાષ્ટ્ર રાજય ક્રિમીનલ એપ્લીકેશન નં.૪૫૩/૨૦૨૦ ના ચુકાદામાં એવું અવલોકન કરવામાં આવેલ છે કે, "We are of the opinion that allowing the prosecution to continue would be nothing but an abuse of the process of the Court in as much as there was an express legal bar against the institution of F.I.R. against an accused based on the police report."

(૫) નામદાર સુપ્રિમકોર્ટ પંકજ અગ્રવાલ વિરૂધ્ધ દિલ્લી રાજય ૨૦૦૧(૩) ક્રાઈમ્સ (સુપ્રિમકોર્ટ) પેજ નં.૩૬૧ તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે કાંધલ સરમણ જાડેજા વિરૂધ્ધ ગુજરાત રાજય ૨૦૧૯(૨) જી.એલ.આર. પેજ નં.૧૪૬૨ ના ચુકાદામાં એવું અવલોકન કરવામાં આવેલ છે કે, જયારે ગુન્હા અલગ કરી શકાય તેવા હોય એટલે કે, સ્પીલીટ કરી શકાય તેવા હોય સ્વતંત્ર અને એક અલગજ ગુન્હો બનતો હોય ત્યારે આવા સ્વતંત્ર ગુન્હાની કાર્યવાહી ચલાવી શકાય છે અને આવા ગુન્હાને સી.આર.પી.સી.ની કલમ– ૧૯૫ નો બાધ નડતો નથી પરંતુ જયારે થયેલ ગુન્હા એકબીજા સાથે એવી રીતે જોડાયેલા હોય, ઈન્ટરકનેકટેડ હોય, એકબીજાથી અલગ કરી શકાય તેવા ન હોય તેવા ગુન્હામાં સ્પષ્ટ રીતે સી.આર.પી.સી.ની કલમ–૧૯૫ નો બાધ નડે છે અને આવા ગુન્હાની કાર્યવાહી આગળ ચલાવી શકાતી નથી, કમીશ્નરશ્રીના જાહેરનામાના ભંગ થતા ચાર્જશીટમાં દર્શાવવામાં આવેલ ગુન્હા થયેલ છે તેવો પોલીસનો કેસ છે. કેસની વિષયવસ્તુ ધ્યાન સમક્ષ રાખતાં આ ગુન્હાઓ એકબીજા સાથે એવી રીતે સ્પષ્ટ સંકળાયેલા છે, એવી રીતે ઈન્ટરકનેકટેડ છે કે, તેમને એકબીજાથી અલગ કરી શકાય તેમ નથી. આથી નામદાર સુપ્રિમકોર્ટે તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે ઉપરોકત પેરામાં દર્શાવેલા ચુકાદાઓમાં કરવામાં આવેલા અવલોકનો ધ્યાને લેતાં હાલના કેસમાં સી.આર.પી.સી.ની કલમ–૧૯૫ ની કાયદાકીય ફરજીયાત જોગવાઈનો બાધ નડે છે. આ બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટે વહીવટી બાજુએ સરકયુલર નં.ડી.૨૯૧૨–૧૩/૨૦૧૭ તારીખ ૨૯–૦૭–૨૦૧૭ થી વહીવટી સુચના પણ આપેલી છે આમછતાં આ કાર્યવાહી ચલાવવામાં આવે તો તે હુકુમત વિનાની સમગ્ર કાર્યવાહીને દુષિત કરતી અનિયમશર્તાઓ સી.આર.પી.સી.ની કલમ–૪૬૧(આઈ) મુજબ ગણાય છે જે void abinitio ગણાય છે. –નામદાર સુપ્રિમકોર્ટે કે.પ્રભાકર રાવ વિરૂધ્ધ આંધ્રપ્રદેશ રાજય તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે ગોવર્ધનકુમાર ઠાકોરદાસ અસરાની વિરૂધ્ધ ગુજરાત રાજય ૨૦૧૮(૧) જી.એલ.એચ.પેજ નં.૬૩ તેમજ રેણુકા વિરૂધ્ધ કર્ણાટકા રાજય ૨૦૦૯ ક્રિમીનલ લો– જનરલ ૨૨૪૫(સુપ્રિમકોર્ટ) ના ચુકાદા ધ્યાન સમક્ષ રાખી હાલના કેસમાં ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ આજરોજ યોજવામાં આવેલ સ્પેશ્યલ મેજીસ્ટ્રીયલ સીટીંગમાં જાહેર કરવામાં આવેલ છે.

**::: હુ ક મ :::**

સી.આર.પી.સી.ની કલમ–૨૫૮ અન્વયે આરોપી વિરૂધ્ધ આઈ.પી.સી.ની કલમ–૧૮૮ તથા જી.પી.એકટની કલમ–૧૩૧ મુજબના ગુન્હાની કાર્યવાહી બંધ કરી આરોપીને છોડી મુકવાનો આદેશ કરવામાં આવે છે.

– અધિકૃત ઓથોરીટીને સી.આર.પી.સી.ની કલમ–૧૯૫(૧) મુજબ યોગ્ય કાર્યવાહી કરવાની સ્વતંત્રતા રહેશે. (એટલેકે, ફરી કેસ દાખલ કરી શકશે.)

હુકમ આજરોજ યોજવામાં આવેલ સ્પેશ્યલ મેજીસ્ટ્રીયલ સીટીંગમાં તા.૧૨ મી માર્ચ સને ૨૦૨૨ ના રોજ જાહેર કરવામાં આવેલ છે.

તારીખ :– ૧૨/૦૩/૨૦૨૨.
સ્થળ :– અમદાવાદ.

**(જીજ્ઞેશ જી. દામોદ્રા)**
એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નંબર–૦૩, અમદાવાદ.
**યુનિક કોડ નંબર– જીજે૦૦૦૯૯૬.**